# ઉત્તરાખંડનો મૃતાંક હજારોમાં પહોંચશે

દહેરાદુન,તા. ૨૦

ઉત્તરાખંડમાં ભારે વરસાદ અને પુર બાદ મેઘતાંડવની સ્થિતી સર્જાયેલી છે. મોતનો આંકડો સત્તાવાર રીતે હજુ સુધી માત્ર ૧૫૦ જેટલો જ આપવામાં આવ્યો છે પરંતુ મોતનો આંકડો હવે હજારોમાં પહોંચી શકે છે. કારણ કે ૭૦,૦૦૦ લોકો હજુ પણ લાપતા બનેલા છે. તેમની ભાળ મેળવવા અને તેમને શોધી કાઢવાના પ્રયાસો ચાલી રહ્યા છે. પરંતુ મોટી સંખ્યામાં લોકો જિવિત મળે તેવી શક્યતા નહીવત દેખાઈ રહી છે. મેઘતાંડવમાં મોતનો આંકડો ખુબ ઉપર પહોંચી શકે છે. રાજ્યના મુખ્યપ્રધાન વિજય બહુગુણા પણ કહી ચુક્યા છે કે મોતનો આંકડો વધી શકે છે. કારણ કે હોનારત ખુબ વિનાશકારી છે. વિજય બહુગુણાએ કહ્યું છે કે આ હિમાલિયન સુનામી છે. ખુબ મોટી ખુવારી થઈ છે. બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે ચોલી રહી છે. પરંતુ લોકો પ્રતિકુળ સંજોગોના કારણે તકલીફ પડી રહી છે. રાજ્યના ગૃહ સચિવ ઓમપ્રકાશ કહી ચુક્યા છે કે મોતનો આંકડો ખુબ વધારે હોઈ શકે છે કારણ કે કેટલાક વિસ્તારો હજુ પાણીમાં ડુબેલા છે અને અહીં બચાવ અને મૃતદેહો શોધી કાઢવાની કામગીરી હજુ હાથ ધરી શકાઈ નથી.

તેમણે કબુલાત કરી છે કે ૭૦૦૦૦ લોકો હજુ લાપતા છે જે ખુબ મોટી ચિંતાજનક બાબત છે. ઘણા દુરગામી વિસ્તારોમાં તંત્રના લોકો હજુ પહોંચી શક્યા નથી. ફસાયેલા લોકો મોટા ભાગના ચારધામના લોકો છે. તેમણે કહ્યું છે કે યમનોત્રીથી આશરે ૭૦ કિલોમીટરના અંતરે સ્થિત દામતા વિસ્તારમાં હજુ ૨૫૦૦૦ લોકો અટવાયેલા છે.. જે રાજ્યોના શ્રદ્ધાળુઓ ફસાયેલા છે તેમાં દિલ્હી, હરિયાણા, રાજસ્થાન, મહારાષ્ટ્ર, ગુજરાત અને મધ્યપ્રદેશ તેમજ તમિળનાડુના છે. વિનાશકારી કુદરતી હોનારતનુ મુખ્ય કેન્દ્ર કેદારનાથ છે. જ્યાં આઠમી સદીનુ ભગવાન સિવનુ મંદિર પણ છ ફુટ પાણી હેઠળ છે. મેઘતાંડવમાં ૬૦થી વધારો ગામ બિલકુલ સાફ થઈ ગયા છે જ્યારે દર વર્ષે ભરચક સિઝન દરમિયાન એટલે કે મે અને જુનમાં યાત્રા દરમિયાન શ્રદ્ધાળુઓને આશ્રય આપનાર ૯૦ ધર્મશાળાઓ સંપૂર્ણપણે નાશ પામી છે.અત્રે ઉલ્લેખનીય છે કે વડાપ્રધાન મનમોહનસિંહ અને કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીએ મેઘતાંડવગ્રસ્ત ઉત્તરાખંડના ઘણા વિસ્તારોનું ગઈકાલે હવાઈ સર્વેક્ષણ કર્યુ હતુ અને ૧૦૦૦ કરોડની રાહતની તાત્કાલિક જાહેરાત કરી હતી. વડાપ્રધાને કબૂલાત કરી હતી કે ઉત્તરાખંડમાં કુદરતી હોનારત ખુબ મોટી હોનારત છે. ઉત્તરાખંડમાં રાહત અને પુનઃવસવાટ માટે આ પ્રાથમિક ૧૦૦૦ કરોડની જાહેરાત કરાઈ છે. દહેરાદુનમાં પત્રકારો સાથે વાતચીત કરતા વડાપ્રધાને કહ્યુ હતુ કે હજુ સુધી ૧૦૦૦૦થી વધુ લોકોને બચાવી લેવાયા છે. સિંહે એવી દહેશત પણ વ્યક્ત કરી હતી કે મોતનો આંકડો હાલમાં છે તેના કરતા ખૂબ મોટો હોઈ શકે છે. ભોગ બનેલા લોકો સાથે અમારી સંવેદના જોડાયેલી છે. સહાનુભૂતિ પણજોડાયેલી છે. સિંહે ખાતરી આપી હતી કે કેન્દ્ર અને રાજ્ય સરકાર સાથે મળીને લોકોને પૂરતી રાહત આપશે. ઉત્તરાખંડમાં કેદારનાથ ખીણ સંપૂર્ણપણે નાશ પામી છે. ૧૧૦૦૦ લોકોને બચાવી લેવાયા છે. ભારતીય હવાઈદળના હેલિકોપ્ટરની મદદ પણ લેવામાં આવી રહી છે. અચાનક આવેલા પૂરના કારણે હજારો લોકોના મોત થઈ ગયા હોવાનું જાણવા મળી રહ્યુ છે. ઉત્તરાખંડના કેદારનાથમાં ફસાયેલા લોકોને બહાર કાઢવા માટે આઠ વધારાના હેલિકોપ્ટરોનો ઉપયોગ લેવાઈ રહ્યો છે. હેમકુંડ સાહિબના રસ્તામાં કેદારનાથ અને ગોવિંદઘાટમાં ફસાયેલા ૧૫૦૦૦ લોકોને સુરક્ષિતરીતે બહાર લઈ જવાયા હતા. કેદારનાથમાં મંદિરો સિવાય કંઈ પણ દેખાઈ રહ્યુ નથી. ઘણા ગામોના અસ્તિત્વ ખતમ થઈ ગયા છે.

## હિમાચલમાં ભારે વરસાદથી ૬૦૦થી વધુ પર્યટકો ફસાયાં

શીમલા, તા. ૨૦

ભારે વરસાદને કારણે અસરગ્રસ્ત હિમાચલ પ્રદેશનાં કિન્નોર જિલ્લામાં ગુરૂવારે ભારતીય વાયુ સેના દ્વારા અસરગ્રસ્તોને બચાવવાની કામગીરી વેગવંતી બનાવવામાં આવી છે. હાલમાં હિમાચલમાં થઈ રહેલા ભારે વરસાદને કારણે ૬૦૦થી વધુ પર્યટકો ફસાયેલા છે.

નોંધનીય છે કે આ માટે બે રાજ્યોમાંથી હેલિકોપ્ટર મંગાવીને હિમાચલ પ્રદેશનાં દૂરનાં વિસ્તારોમાં ફસાયેલા લગભગ ૬૦૦ જેટલા પર્યટકો અને અન્ય લોકોને સલામત સ્થળે ખસેડવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

સૂત્રોનાં જણાવ્યા અનુસાર હેલિકોપ્ટરો દ્વારા આ વિસ્તારનાં વિવિધ સ્થળોએ સવારનાં ૬.૩૦ વાગ્યાથી બચાવ કામગીરી ચાલુ કરવામાં આવી હતી. નોંધનીય છે કે છેલ્લા પાંચ દિવસથી હેલિકોપ્ટરની મદદથી અજ્ઞાત સ્થળોએ ફસાઈ ગયેલા વ્યક્તિઓને રામપુરા લાવવામાં આવી રહ્યાં છે.

મુખ્ય રાજ્યથી જુદા પડી ગયેલા સાંગલા, રેકોંગપિયો, નાકો, પુહ, અને અન્ય સ્થળોએથી અસરગ્રસ્ત લોકોને સુરક્ષીત જગ્યા ઉપર ખસેડવામાં આવી રહ્યા છે. બુધવાર સાંજ સુધીમાં ૨૭૮ વધુ લોકોને સુરક્ષીત સ્થળોએ ખસેડવામાં આવ્યા હતા. નોંધનીય છે કે ૬૦૦થી વધુ પર્યટકો હજુ પણ ફસાયેલા છે. મુખ્યમંત્રી વિરભદ્રસિંહે આ બાબતની સમિક્ષા કરવા હાલ એક ઉચ્ચ સ્તરીય મિટિંગનું આયોજન કર્યું છે.





## બદ્રીનાથ-કેદારનાથ ૪૦ વર્ષ પાછળ જતું રહ્યું

ગોપેશ્વર, ઉત્તરાખંડ,તા. ૨૦

ઉત્તરાખંડમાં કુદરતે કહેર મચાવતા સર્જાયેલા જળ હોનારતે માણસને જ નહી ભગવાનને પણ છોડયા નથી. બદ્રીનાથ અને કેદારનાથ ધામ ૪૦ વર્ષ પાછળ જતું રહ્યું છે.

બદ્રીનાથ-કેદારનાથ મંદિર સમિતિના મુખ્ય કાર્યાધિકારી બી.ડી.સિંહ અને બદ્રીનાથના ધર્માધિકારી ભૂવનચંદ્ર ઉનિયાલે કહ્યું હતું કે હવે આ યાત્રાધામોમાં કયારે યાત્રાઓ શરૂ થશેએ કહેવું મુશ્કેલ છે. યાત્રાના તમામ માર્ગો નષ્ટ થઈ ગયા છે અને ફરીથી માર્ગો બનાવવામાં વર્ષો લાગી જશે. સિંહે દુઃખદ સ્વરોમાં ઉમેર્યું હતું કે કેદારનાથ ધામમાં હવે બાકી કંઈ જ બચ્યું નથી આ સ્થળ સ્મશાનઘાટમાં તબદીલ થઈ ગયું હોય તેવું લાગી રહ્યું છે. બદ્રીનાથ મોક્ષનું ધામ કહેવાય છે પણ ક્ષણભરમાં બધુ વિખરાઈ ગયું છે.



# શેરબજારમાં સુનામી : સેન્સેક્સમાં ૫૨૬ પોઈન્ટનો કડાકો બોલાયો

મુંબઈ,તા. ૨૦

દેશનાં શેરબજારોમાં ગઈકાલે ઘટાડો થયો હતો. એ આજે બજારની શરૂઆતથી જ આગળ વધ્યો હતો. કારણ કે અમેરિકી ફેડરલ રિઝર્વ દ્વારા ક્યુઈ-૩ ઘટાડાનાં સંકેત પાછળ વૈશ્વિક શેરબજારોમાં હાહાકાર મચી ગયો હતો. ફક્ત શેરબજારમાં નહીં પરંતુ કોમોડીટીઝ કરન્સી અને બોન્ડ માર્કેટમાં પણ ભારે ઘટાડો થયો હતો. તેની સીધી અસર મુંબઈ શેરબજારમાં ઈન્ડેક્ષ ઉપર પડી હતી. તેના ઈન્ડેક્ષમાં ૫૨૬ પોઈન્ટનું જબરજસ્ત ગાબડુ પડ્યું હતું અને સેન્સેક્સ ૧૯,૦૦૦ સપાટી તોડીને સીધો ૧૮,૦૦૦ની સપાટીએ પહોંચી ગયો છે અને ૧૮,૭૧૯નાં સપાટીએ બંધ રહ્યો હતો.

અમેરિકી ફેડરલ રિઝર્વ બેંકનાં ચેરમેન બેન બર્નાન્કે કહ્યું હતું કે અર્થ વ્યવસ્થામાં સુધારો આગળ વધી રહ્યો છે. તેના માટે ક્યુઈ-૩ ઘટાડવો પડશે. ૨૦૧૪નાં મધ્યમાં ક્યુઈ-૩ સંપૂર્ણ રીતે ખતમ થઈ જશે. જોકે બોન્ડ ખરીદ યોજનામાં હાલ પુરતો કોઈ ફેરફાર નહીં થાય. આવા નિવેદન પાછળ વિશ્વભરનાં તમામ શેરબજારો તુટી ગયા હતા. આ ઉપરાંત ડોલરની સામે રૂપિયામાં પણ ઘટાડો થયો છે.

ભારતીય શરેબજારની શરૂઆતમાં ૨૦ મિનિટમાં જ સેન્સેક્સે ૪૨૧ પોઈન્ટ ગબડી ગયો હતો અને આ દરમિયાન બેકિંગ શેરો, મેટલ અને કેપિટલ ગુડ્સનાં શેરોમાં ભારે લેવાલી થતાં બીએસઈ સેન્સેક્સ એક તબક્કે ૧૮૬૮૭ની નીચી સપાટીને ટચ કરી ગયો હતો અને બજાર બંધ થતા સુધી આ ઘટાડો ચાલુ રહ્યો હતો.

બજારનાં એક આગેવાન દલાલનાં જણાવ્યા પ્રમાણએ વિશ્વનાં બાજરોમાં ઘટાડો થયો હતો અને તેમાં અમેરિકાનાં ફેડરલ રિઝર્વ બેંકને ચેરમેનનાં પ્રવચન ઉપર અમેરિકાનાં બજારો તુટી ગયા હતા અને તેમાં નાસ્ડેક તથા ડાઉન જોન્સનાં ઈન્ડેક્ષમાં ઘટાડો થયો હતો. તેની સીધી અસર ભારત સહિત એશિયન શેર બજારો રેડ ઝોનમાં ખુલ્યા હતા. તે જાપાનનો નિક્કી અને હોંગકોંગનો હેંગસેંગનાં ઈન્ડેક્ષમાં ઘટાડો નોંધાયો હતો. તેની સાથે ચીનનો શાંઘાઈ અને તાઈવનનો વેઈટેડ ઈન્ડેક્ષમાં પણ ઘટાવામાં બાકી રહ્યો ન હતો. આ ઉપરાંત આજે યુરોપિયન બજારો જેવા કે બ્રિટેન, જર્મની અને ફ્રાંસનાં બજારો પણ સુનામીની લપેટમાં આવી ગયા હતા.

સરકારનાં આશ્વાસનો મળ્યા હોવા છતાં પણ બજારનો મૂડ સુધરયો ન હતો. ઉલટાનું ભારે લેવાલી થતાં મંદીમાં ગરકાઉ થઈ ગયા હતા. માર્ચ પછી પહેલીવાર સેન્સેક્સમાં આટલી મોટો ઘટાડો જોવા મળ્યો છે. આજે સ્ટેટબેંકની આગેવાની હેઠળ ટિસ્કો, લાર્સન, આઈટીસી, કોલ ઈન્ડિયા, મારૂતિ, સનફાર્મા, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, ઓએનજીસી, ટાટા પાવર અને ડીએલએફનાં શેરોમાં વિશેષ ઘટાડો થયો હતો.

આજે બેંકિંગ શેરોમાં જોરદાર નુકસાન થયું હતું. તેની મુખ્ય જાતો સ્ટેટ બેંક, એચડીએફસી બેંક, આઈસીઆઈસીઆઈ બેંક, બેંક ઓફ ઈન્ડિયા અને દેના બેંકનાં શેરોમાં વેચવાલી થતાં તેનાં બેકેક્ષ ઈન્ડેક્ષમાં ૫૪૦ પોઈન્ટનો મોટો ઘટાડો નોંધાયો હતો.

તેની સાથે મેટલનાં શેરો જેવા કે ટિસ્કો, સ્ટરલાઈટ ઈન્ડસ્ટ્રીઝ, જિંદાલ સ્ટીલ અને હિન્ડાલ્કોનાં શેરોમાં વેચવાલી થતાં તેના ઈન્ડેક્ષમાં ૩૭૫ પોઈન્ટનું ગાબડુ પડ્યું હતું. આ ઉપરાંત ઓટો, કન્ઝ્યુમર ડ્યુરેબલ અને ટીએસયુ તથા કેપિટલ ગુડ્સનાં શેરોમાં ધોવાણ થયું હતું.

નેશનલ સ્ટોક એક્ષચેન્જમાં ઓપરેટરો તથા રોકાણકારોની વેચવાલી થતાં તેના ૫૦ શેરોનાં નિફ્ટી ઈન્ડેક્ષમાં ૧૬૬ પોઈન્ટનો ઘટાડો થયો હતો અને ૫૬૬૬નાં મથાળે બંધ થયો હતો.

## પાંચ વર્ષમાં ૪૫ કરોડના અનાજને થયેલુ નુકશાન

નવી દિલ્હી,તા. ૨૦

કેન્દ્ર સરકાર હાલમાં ડેમેજ કન્ટ્રોલની કવાયતમાં લાગેલી છે. છેલ્લા પાંચ વર્ષના ગાળામાં ૪૫ કરોડની કિંમતના અનાજને જથ્થાને નુકસાન થયુ છે. રાઈટ ટુ ઈન્ફરમેશન એક્ટ મારફતે એક અગ્રણી અંગ્રેજી અખબારે આ અંગેની માહિતી મેળવી છે. આમાં જણાવવામાં આવ્યુ છે કે સરકારે અગાઉ કબૂલાત કરી હતી કે છેલ્લા પાંચ વર્ષમાં પાંચ કરોડના ઘઉંના જથ્થાને અને ૪૦ કરોડના ચોખાના જથ્થાને નુકસાન થયુ છે. હેન્ડલીંગ અને સ્ટોરેજની પ્રક્રિયા દરમિયાન મોટા ભાગે અનાજના જથ્થાને નુકસાન થયુ છે. આ અનાજનો જથ્થો દર વર્ષે ૨૫૦૦૦૦ લોકોને પુરતો સાબિત થઈ શકે છે. જો સ્ટોરેજની સુવિધા સારી રાખવામાં આવે અને યોગ્ય જાળવણી કરવામાં આવે તો ૪૫ કરોડની કિંમતના અનાજના જથ્થાને ૧૨.૫ લાખ લોકો ઉપયોગ કરી શકે છે. સરકારનો અંદાજ ખૂબજ ચિંતાજનક છે. એક એવો અંદાજ પણ અગાઉ આવી ચુક્યો છે કે કુ-પોષણના કારણે બાળકોના મોત થાય છે. ૨૦૧૧માં સુપ્રીમ કોર્ટે કુપોષણના મામલે જોરદાર ઝાટકણી સરકારની કાઢી હતી. દર વર્ષે લાખો ટન ઘઉનો જથ્થો નાશ પામે છે. વર્ષ ૨૦૧૨-૧૩માં ભારતમાં ૮૮.૩૧ મિલિયન ટન ઘઉના જથ્થાનું ઉત્પાદન કરાયુ હતુ જ્યારે ફુડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા અને રાજ્યની સંસ્થાઓની અનાજ જાળવણીની ક્ષમતા ૭૧.૫ મિલિયન ટન છે.

## માત્ર ત્રણ જ દિવસમાં પીએફ દાવાઓનો નિકાલ કરવામાં આવશે

નવીદિલ્હી,તા.૨૦

કર્મચારી પ્રોવિડન્ટ ફંડ ઈપીએફના પાંચ કરોડ રોકાણકારો માટે રાહત આપનારા સમાચાર સરકાર દ્વારા જાહેર કરાયા છે. આ તમામ કર્મચારીઓ માટે એકાઉન્ટ ટ્રાન્સફર અને રકમ ઉપાડ જેવા તમામ પ્રકારના દાવાઓ કે અરજીનો નિકાલ હવે માત્ર ત્રણ દિવસમાં જ કરી દેવામાં આવશે. રિટાયરમેન્ટ ફંડની સંકલન કરનારા કર્મચારી ભવિષ્યનીધિ સંગઠન એટલે કે ઈટીએફઓ આ પ્રકારની યોજના હવે બનાવી રહ્યું છે. આ યોજનાને આખરી સ્વરૂપ આપવા માટે સંગઠન દ્વારા તમામ ક્ષેત્રના પ્રમુખોની એક બેઠક પાંચ જુલાઈના રોજ બોલાવવામાં આવી છે.

આ બેઠકમાં આ બાબતે કાર્યયોજના તૈયાર કરવામાં આવશે. ઈટીએફઓને દર વર્ષે ૧.૨ કરોડ જેટલા દાવાઓ મળવાનું અનુમાન છે. જો તેમાના ૭૦ ટકા દાવાઓ ત્રણ જ દિવસમાં ઉકેલી દેવામાં આવે તો એક વર્ષમાં અંદાજે ૮૪ લાખ લોકો તો લાભ મેળવી શકશે. આ બાબતે જાહેર કરવામાં આવેલા એક આદેશમાં જણાવવામાં આવ્યું છે કે ખૂબ જ ઝડપથી આ પ્રકારે દાવાનો ઉકેલ આવવાના કારણે સંગઠનની છબી સુધરી જશે. 'ઈટીએફઓ' પહેલેથી ૧૫ જૂન પહેલાના વિલંબિત દાવાઓનો ઉકેલ લાવવાની શરૂઆત કરી ચૂકયું છે. આ વર્ષે ૧૧ જૂન સુધી સંગઠનની પાસે ૫૩૮૭૦૪ દાવાઓ રજીસ્ટ્ર થયા છે. ગત વર્ષે ૨૦૧૨-૧૩ દરમિયાન ૧.૦૧ કરોડ દાવાઓનો નિકાલ કરી દેવામાં આવ્યો જેમાં ૧૨.૬૨ લાખ દાવાઓ ૩૦ દિવસમાં ૧.૪૨ દાવાઓ ૯૦ દિવસમાં ઉકેલી દેવામાં આવ્યા છે.

ઈટીએફઓ ૧લી જુલાઈથી હવે એક કેન્દ્રિય કલીયરન્સ હાઉસ ચાલુ કરવાની દિશામાં પગ માંડી રહ્યું છે. જેમાં કર્મચારીઓને તેમના પીએફની ટ્રાન્સફર તેમજ ઉપાડ માટે ઓનલાઈન અરજી કરવાની સુવિધા પ્રાપ્ત થશે આ સુવિધાના કારણે કર્મચારીઓને તેમની અરજી કયાં સુધી પહોંચી છે. તેની લેટેસ્ટ જાણકારી પ્રાપ્ત થશે. નવી પ્રક્રિયા મુજબ પૂર્વ કર્મચારીના પીએફ એકાઉન્ટને આ ઢાંચામાં લાવવાની જવાબદારી ઈટીઓફઓની રહેશે અત્યાર સુધી જે કામ ખુદ કર્મચારીઓ કરી રહ્યા હતા તે જવાબદારી હવે ઈટીએફઓ નિભાવશે. આ માટે કર્માચારી ભવિષ્ય નીધિ સંગઠનના નિર્ણયો લેનારા કેન્દ્રિય ટ્રસ્ટી બોર્ડનો પણ પુર્નઃગઠન કરવામાં આવ્યું છે. કેન્દ્રિય શ્રમ મંત્રીના નેતૃત્વ હેઠળ બનેલા આ બોર્ડમાં નવા પ્રતિનિધિના નામ જાહરે કરવાની સૂચના આપવામાં આવી છે. ૪૩ સભ્યોની સીબીટીના અન્ય સભ્યોમાં કેન્દ્રિય શ્રમ સચિવ અને અન્ય અધિકારીઓ ઉપરાંત દરેક રાજ્યોના શ્રમ વિભાગના પ્રતિનિધિઓને પણ સામેલ કરવામાં આવશે.

## ભાજપ હિન્દુત્વ સાથે રહેશે ત્યાં સુધી શિવસેના સાથ નિભાવશે

મુંબઈ,તા.૨૦

જનતાદળ યુએ ભારતીય જનતા પાર્ટી સાથે ભલે તેનો ૧૭ વર્ષ જૂનો સંબંધ તોડી નાંખ્યો હોય પરંતુ શિવસેના હજુ પણ ભાજપની સાથે છે. તેમ શિવસેનાના પ્રમુખ ઉદ્ધવ ઠાકરેએ જાહેર નિવેદન આપ્યું વધુમાં તેમણે કહ્યું કે જ્યાં સુધી ભાજપા હિન્દુત્વના મુદ્દા સાથે રહે ત્યાં સુધી શિવસેના પણ ભાજપાનો સાથ નિભાવશે.

શિવસેનાના સ્થાપના દિવસના અવસર ઉપર તેમણે પક્ષના કાર્યકર્તાઓ સમક્ષ આ વાત રજૂ કરી હતી માટુંગા ખાતે ષણમુખાનંદ હોલમાં શિવસેનાનો ૪૭મો સ્થાપના દિવસ ઉજવવામાં આવ્યો હતો આ સમારંભમાં સંબોધન દરમિયાન શિવસેનાના અધ્યક્ષ ઉધ્ધવ ઠાકરેએ કહ્યું હતું કે શિવસેનાનું ભાજપ સાથે ગઠબંધન હિન્દુત્વના મુદ્દા ઉપર થયું છે. માટે શિવસેના હિન્દુત્વના મુદ્દે અટલ રહેશે અમે પણ સર્વધર્મ સમભાવની વિચારધારામાં માન્યતા ધરાવીએ છીએ પરંતુ હિન્દુઓના અહિતોને નજર અંદાજ કરીને બીજું કઈ ના કરી શકીએ.

ઉધ્ધવે આશા દર્શાવી હતી કે આગામી લોકસભાની ચૂંટણીમાં શિવસેના તેની અપેક્ષા કરતા વધારે સીટો મેળવવામાં કામીયાબ રહેશે અને બહુ ઝડપથી રાજ્યની તમામ સંસદીય સીટોની મુલવણી શરુ કરશે અને ચૂંટણી અભિયાનની શરૂઆત પણ કરવામાં આવશે.

પોતાના ભાષણ દરમિયાન તેમણે રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના પ્રમુખ શરદ યાદવને નિશાન બનાવ્યા હતા.

ઉપરાંત મહારાષ્ટ્રમાં આવતા વિદેશી પ્રવાસીઓ માટે વધુ મહત્વ આપવાની બાબત ઉપર ભાર મૂકયો હતો. તેમણે કહ્યું હતું કે હાલના સંજોગોમાં ભારતની મુલાકાતે આવતા વિદેશી પ્રવાસીઓ પાસે મુંબઈમાં ગેટવે ઓફ ઈન્ડિયા, અને સીએસટી સિવાય અન્ય કોઈ વિકલ્પ નથી. તેમણે મહારાષ્ટ્રમાં થીમપાર્ક બનાવવા બાબતે ભાર મૂકયો હતો અને કહ્યું હતું કે જો મહારાષ્ટ્રની ઓળખ બનાવવી હોય તો આ પ્રકારના વિકલ્પો ઉભા કરવા પડશે ઉત્તરાખંડમાં આવેલા પૂર તાંડવ બાબતે તેમણે દુઃખ વ્યક્ત કર્યું હતું.

## બેરોજગારોની સંખ્યા વધી ૧૦.૮ મિલિયન

મુંબઈ,તા. ૨૦

ભારતમાં બેરોજગારીનો દર બે વર્ષના ગાળામાં ૧૦.૨ ટકા વધારો છે. બેરોજગારીનું ચિંતાજનક ચિત્ર ઉપસી રહ્યુ છે. જીડીપી જાહેરાત પર બે વર્ષમાં બેરોજગારીમાં ૧૦ટકા સુધી વધારો થયો છે. પહેલી જાન્યુઆરી ૨૦૧૦ના આંકડા મુજબ બેરોજગાર લોકોની સંખ્યા ૯.૮ મિલિયમની ઓલટાઈમ સપાટી હતી. પહેલી જાન્યુઆરી ૨૦૧૨ના આંકડા મુજબ ૧૦.૮ મિલિયન લોકો કોઈ પણ કામ વગરના હતા. આ આંકડો પહેલી જાન્યુઆરી ૨૦૧૦નાદિવસે ૯.૮ હતો જે વધીને બે વર્ષમાં ૧૦.૮ મિલિયન થયો હતો. કહેવાતા બેરોજગારીના આંકડા ભારે ચિંતા ઉપજાવે તેવા છે.

## વૈશ્વિક બજારમાં સોનુ ૩૩ મહિનાની નીચી સપાટીએ

મુંબઈ,તા. ૨૦

સોના અને ચાંદીની કિંમતમાં પણ ભારે ઉથલપાથલ જોવા મળી રહી છે. અગાઉના સેશન્સની સરખામણીમાં વૈશ્વિક બજારમાં સોનાની કિંમત ૩૩ મહિનાની નીચી સપાટીએ જોવા મળી છે. સોનાની કિંમતમાં હજુ વધુ કડાકો બોલે તેવી શક્યતા છે. યુરોપિયન બજારમાં આજે કારોબાર શરૂ થયા બાદ સોનાની કિંમતમાં ૩.૪ ટકાનો મોટો ઘટાડો રહ્યો હતો જેથી તેની કિંમત ઔંસ દીઠ ૧૩૦૪.૯૦ની સપાટીએ પહોંચી ગઈ હતી. સપ્ટેમ્બર ૨૦૧૦ બાદથી સોનાની સૌથી નીચી સપાટી છે. સોનાની કિંમતમાં સપ્ટેમ્બર ૨૦૧૦ બાદ આ સ્થિતિ સર્જાતા કારોબારીઓ ચિંતિત બનેલાછે. માત્ર વૈશ્વિક બજારોમાં જ નહીં બલકે ભારતમાં પણ સોનાની કિંમતમાં ઉથલપાથલ જોવા મળી રહી છે. સોનામાં ભારત સૌથી મોટા બજાર તરીકે છે. રૂપિયાની કિંમતમાં ઘટાડાનો મતલબ એ છે કે આયાતના ખર્ચમાં વધારો થાય છે જેથી સોના અને ચાંદીની કિંમતમાં ઉથલપાથલ જોવા મળે છે. ઓલ ઈન્ડિયા જેમ એન્ડ જ્વેલરી ટ્રેડ ફેડરેશનના ચેરમેન હરેશ સોનીએ કહ્યુ છે કે અમેરિકામાં બોન્ડ ખરીદી કાર્યક્રમની અસર થઈ છે.

વૈશ્વિક સ્તરે જોવા મળી રહેલા પ્રતિકુળ સંજોગો અને શેરબજારમાં પીછેહઠ જ્યારે ડોલર સામે રૂપિયાના ધુવાણ વગેરે પરીબળોના કારણે સ્થાનિક બુલિયન બજારોમાં આજે મોટા પ્રમાણમાં ધોવાણ જોવા મળ્યું હતું. જેના પગલે આજે અમદાવાદ બુલિયન બજારમાં ત્રણેય કિંમતી ધાતુઓમાં મસમોટો કડાકો નોંધાયો હતો.

## સમાચાર ઝલક

- ♥ આર્થિક સુધારાઓનાં મામલે પહેલીએ મહત્ત્વપૂર્ણ મિટિંગ
- ♥ ચારધામમાં પાંચ હજાર ગુજરાતીઓ ફસાયા.
- ♥ ૧૦૦ વર્ષમાં સૌથી વધુ સપાટી દિલ્હીમાં પૂરનાં અગાઉ તમામ રેકોર્ડ તૂટે તેવી વકી.
- ♥ સોનાની આયાત ડ્યુટી વધારવા સામે જલેવર્સનો વિરોધ.
- ♥ શાહરૂખ અને રિતીક ફેમીલી હોલી-ડે પર.
- ♥ કાલાવાડ તાલુકાને વિશ્વના ફલક ઉપર મુકતો યુવાન.
- ♥ ટાટાએ ૮ સીએનજી કાર બજારમાં મુકી.
- ♥ ભારતમાં અમીરોની સંખ્યામાં થઇ રહેલો વધારો, વિશ્વમાં બીજા ક્રમે.
- ♥ રાહુલ ગાંધીનો ૪૩મો જન્મદિવસ કોંગ્રેસી કાર્યકર્તાઓએ ધામધૂમથી ઉજવણી કરી.
- ♥ ડ્રેસબજારમાં તેજીની આશા.
- ♥ ગુજરાતના રાજકારણમાં જુલાઇમાં મોટી ઉથપ-પાથલો પરિવર્તનોની શક્યતા.
- ♥ ઓરિસ્સામાં ચાલતી બસમાં ૨૫ વર્ષની આદિવાસી છોકરી પર બળાત્કાર.
- ♥ કટ અને પોલિસ્ડ હીરાની નિકાસમાં વધારો.
- ♥ રાજયભરમાં મોસમનો કુલ વરસાદ ૨૨ ટકા થયો.
- ♥ મંજુરી મળી નથી એવા અભ્યાસક્રમોમાં ચાર કોલેજોએ પ્રવેશ આપ્યો, રાજયપાલશ્રીને ફરિયાદ.
- ♥ અમેરિકામાં તા.૪થી જુલાઇથી બાપ્સ (સ્વામીનારાયણ) નેશનલ યુથ કન્વેન્શન યોજાશે.
- ♥ વહેલા વરસાદથી વિક્રમી વાવેતર, સૌરાષ્ટ્રમાં મગફળી-કપાસનો દબદબો.
- ♥ સટ્ટાકાંડમાં ઝડપાયેલાં વિંદુ દારાસીંઘ ફિલ્મ સેટ પર લેડી લુકમાં...
- ♥ શોલેને થ્રીડી અવતારમાં રિલીઝ કરવાની હલચલ.
- ♥ યુ.પી.ના અનેક ડેમો તૂટયા, યમુના ગાંડીતૂર દિલ્હી પરથી આફત ટળી.
- ♥ જનસાધારણ ટ્રેનમાં ચાલુ ટ્રેનમાં થતી લૂંટફાટથી બચવા કૂદેલાં પાંચ કમ ભાગીઓનાં મરણ શરણ.
- ♥ છત્તીસગઢમાં કલાર્ક પાસે કરોડોની સંપત્તિ, એસીબીએ દરોડા પાડતાં ખબર પડી.
- ♥ ધર્મ નહી, ધર્મનાં ઠેકેદારો લોકોની ચિંતા વધારે છે : પૂ. ભાવેશ બાપુ.
- ♥ અમદાવાદમાં જગન્નાથજીના મંદિરમાં રથયાત્રાનો થનગનાટ શરૂ.
- ♥ કેદારનાથનો પ્રવેશદ્વાર જ ધારાશાયી.